PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૬/કવા–૦૨/૧૮–૧૯/ 8888 – 5 તા. 20-9-18.

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રાજેન્દ્ર જયંતિલાલ કાનાણી,
૨૩–ન્યુ જાગનાથ પ્લોટ,
ગુરૂકૃપા એપાર્ટમેન્ટ – બી
૦૪ થા માળે, બ્લોક નં.–૭
રાજકોટ – ૩૬૦૦૦૧
મો: ૯૮૨૫૨ ૯૯૯૩૩

3D

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૬–૦૮–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૬/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ર ,રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, મહિલા કોલેજ પેટા વીભાગીય કચેરી, રાજકોટ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૩૬/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૪–૦૯–૧૮ | સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)
અરજદાર (ફરીયાદી): નામ: રાજેન્દ્ર જયંતિલાલ કાનાણી, ગામ: રાજકોટ
રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

**વિરૂધ્ધ**

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :
પીજીવીસીએલ (કચેરી) : મહિલા કોલેજ પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)
રજુઆત કરનાર :એન.ડી.રૂઘાણી – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓના ઘરવપરાશ વીજજોડાણ નુ વીજજોડાણ ગ્રાહક નં.–૩૧૮૦૩/૦૧૫૯૭/૭ મહિલાકોલેજ પેટા વિભાગીય કચેરી ધરાવે છે. તેઓને છેલ્લા ૦૪ માસ થી વીજવપરાશ નુ બીલ વધુ આવતુ હોય – અરજી કરતા મીટર ને બદલવામા આવેલ, પરંતુ, સદર મીટર લેબ મા થયેલ નિર્ણય સંતોષકારક આવેલ નથી, તેમજ તેઓનો પરીવાર અમદાવાદ રહેતો હોય – સવારે : ૯–૦૦ થી રાત્રે ૯–૦૦ સુધી બંધ રહેતું હોય – તેઓના વીજવપરાશ મુજબ બીલ વધુ આવતુ હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી અત્રેની કચેરી અંતર્ગત આવેલ મહિલા કોલેજ સબડીવીઝન ના ગ્રાહક શ્રી રાજેન્દ્ર જયંતિલાલ કાનાણી ગ્રા.નં.૩૧૮૦૩/૦૧૫૯૭/૭ રહેણાંક હેતુ માટે કનેકશન ધરાવે છે. ગ્રાહકની અરજી તારીખ ૬.૮.૨૦૧૮ અનુસંધાને મહીલા કોલેજ સબ ડીવીઝન દ્વારા સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે ગ્રાહકને મે-જુન ૧૮નું બીલ તા.૧૬.૭.૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ..જે ૭૪૫ યુનિટનું આપવામાં આવેલ જેમાં મીટર રીડરના રીમાર્ક મુજબ ડિસ્પ્લે બંધ હોઈ વાસ્તવિક રીડીંગ લઇ શકાયેલ નહી તેથી તા ૧૭.૭.૨૦૧૮ ના રોજ મીટર બદલાવી મીટર નું લેબપરીક્ષણ તા.૩૧.૭.૨૦૧૮નાં રોજ ગ્રાહકની હાજરીમાં કરતા મીટરની ડિસ્પ્લે બંધ થઇ ગયેલ છે જેથી છેલ્લું બીલ ફોલ્ટી બીલ એવરેજ પ્રમાણે આપવા પાત્ર બને છે આં. ૭૪૫ યુનિટ વપરાશને બદલે એવરેજ ૩૨૦ યુનિટ ગણતા ૪૧૫ યુનિટ જમા આપવાપાત્ર છે. ગ્રાહક આ નિર્ણય સાથે સમંત થતા, તા: ૨૪–૦૮–૧૮ નો લેખીત સંમંતીપત્ર પીજીવીસીએલ **સમક્ષ** રજુ કરેલ છે, આમ – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદારે રાજીખુશી થી, સદર વિષય સબંધક, |

| | |
|---|---|
| | પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા: ૨૪-૦૮-૧૮ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.-૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.